# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 19-10-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે “કર્મયોગી સપ્તાહ – રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ”નો પ્રારંભ કરાવશે.
- ✓ બ્રિક્સ સંમેલનમાં ભાગ લેવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 22 ઑક્ટોબરથી રશિયાના 2 દિવસના પ્રવાસે જશે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે આફ્રિકન દેશ મલાવીના સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લેશે.
- ✓ કોલસા મંત્રાલયને 67 કોલસાની ખાણોની કોમર્શિયલ હરાજી માટે 44 ઑફલાઇન અરજીઓ  મળી.
- ✓ ઈઝરાયેલની સેનાએ લેબનોનના 13 ગામો અને શહેરોના લોકોને તકેદારી માટે અવાલી નદીની ઉત્તર બાજુએ ખસી જવાની અપીલ કરી.
- ✓ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બેંગ્લુરુ ટેસ્ટમાં ન્યૂઝિલેન્ડના 402 રનના જવાબમાં ભારતે ત્રણ વિકેટે 231 રન કર્યા.

## *KARMAYOGI SAPTAH PM MODI*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે “કર્મયોગી સપ્તાહ – રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ”નો પ્રારંભ કરાવશે. આ સપ્તાહ અંતર્ગત દરેક કર્મયોગીએ ઓછામાં ઓછા ચાર કલાકની**

યોગ્યતા સાથે જોડાયેલ શિક્ષણ પ્રાપ્ત કરવું પડશે. આ માટે મંત્રાલયો અને વિભાગ ક્ષેત્ર-વિશિષ્ટ ક્ષમતાઓને વધારવા માટે વર્કશૉપ અને સેમિનારનું આયોજન કરશે.

રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ - NLW વ્યક્તિગત સહભાગીઓ, મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારના જોડાણ દ્વારા શીખવા માટે સમર્પિત રહેશે. NLW દરમિયાન દરેક કર્મયોગી ઓછામાં ઓછા 4 કલાકની યોગ્યતા-સંબંધિત શિક્ષણનું લક્ષ્ય હાંસલ કરવા પ્રતિબદ્ધ રહેશે.

પ્રતિભાગીઓ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા iGOT, જાહેર વ્યાખ્યાનો પૉલીસી માસ્ટરક્લાસ જેવા વેબિનાર્સ પર વ્યક્તિગત ભૂમિકા-આધારિત મોડ્યુલોના મિશ્રણ દ્વારા લક્ષ્યાંકિત કલાકો પૂર્ણ કરી શકે છે.

.................

## *PM RUSSIA*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 22 ઑક્ટોબરથી રશિયાના 2 દિવસના પ્રવાસે જશે. તેઓ 16મા બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા દેશના બ્રિક્સ સંમેલનમાં ઉપસ્થિત રહેશે. કઝાનમાં યોજાનારા આ બ્રિક્સ સંમેલનનો વિષય વૈશ્વિક વિકાસ અને સલામતી માટે બહુ પક્ષવાદને મજબૂત કરવાનો છે.

આ સંમેલન મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવા માટેએક મહત્વનું મંચ પૂરું પાડશે. તેમજ બ્રિક્સ દેશો દ્વારા શરૂ કરાયેલી પહેલની સ્થિતિનું મૂલ્યાંકન કરવા અને ભવિષ્યમાં સહયાગો માટે સંભવિત ક્ષેત્રોની ઓળખ કરવાની તક પણપૂરી પાડશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, 'આ પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રિક્સ સભ્ય દેશોના પોતાના સમકક્ષો અને આમંત્રિત નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરેતેવી શક્યતા છે.'

.................

## *PREZ-MALAWI VISIT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે આફ્રિકન દેશ મલાવીમાં કેટલાક મહત્વપૂર્ણ સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લેશે. ગઈકાલે તેમણે મલાવીના રાષ્ટ્રપતિ લાઝારસ ચાકવેરા સાથે મુલાકાત કરી હતી. પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ, ભારત અને મલાવી વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહકાર માટે ચાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રપતિ મૂર્મુ અલ્જેરિયા અને મોરિટાનિયા સહિત ત્રણ આફ્રિકન દેશોની મુલાકાતના છેલ્લા તબક્કામાં ગુરુવારે મલાવી પહોંચ્યા હતા. આ ત્રણ આફ્રિકન દેશોની મુલાકાત લેનાર તે પ્રથમ ભારતીય રાષ્ટ્રપતિ છે. G-20 ના ભારતના અધ્યક્ષપદ દરમિયાન જ આફ્રિકન સંઘને આ જૂથની કાયમી સભ્યતા આપવામાં આવી હતી.

.................

## *VP-SIKAR*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે રાજસ્થાનના સીકરની મુલાકાત લેશે. તેઓ સીકરમાં સોભાસરિયા ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશનના રજત જયંતી સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

.................

## *AGRI MIN-RABI CONFERENCE*

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય રવી કૃષિ સંમેલનનું ઉદ્ઘાટન કરશે. આ એક દિવસીય કાર્યક્રમમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય મંત્રી રામનાથ ઠાકુર પણ ઉપસ્થિત રહેશે.

સંમેલનનો ઉદ્દેશ્ય રવી અભિયાનને સફળ બનાવવા માટે કૃષિ પદ્ધતિઓમાં ભાગીદારી અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે. આ ઝુંબેશ હેઠળ, વિવિધ

મંત્રાલયો, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સંગઠનોના અધિકારીઓ આગામી રવી સિઝન માટે મુખ્ય પહેલ અને વ્યૂહરચના અંગે ચર્ચા કરશે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## *COAL MINISTRY*

કોલસા મંત્રાલયને 67 કોલસાની ખાણોની કોમર્શિયલ હરાજી માટે 44 ઑફલાઇન અરજીઓ  મળી છે. જેમાં નાની અને મધ્યમ કંપનીઓનો પણ સમાવેશ થાય છે. અરજી કરવાનો ગઈકાલે છેલ્લો દિવસ હતો. તમામ ઓનલાઈન અને ઓફલાઈન બિડ સોમવાર 21મી ઓક્ટોબરે ખોલવામાં આવશે.

.................

## *ISRAEL-LEBANON*

ઈઝરાયેલની સેનાએ લેબનોનના 13 ગામો અને શહેરોના લોકોને અવાલી નદીની ઉત્તર બાજુએ ખસી જવાની અપીલ કરી છે. સેનાએ કહ્યું કે હિઝબુલ્લાહ અને તેના ઠેકાણાઓ સાથે જોડાયેલા લોકો પોતાનો જીવ જોખમમાં મુકી રહ્યા છે.

દરમિયાન લેબનોનમાં ઇઝરાયેલના હુમલા ચાલુ છે. ઈઝરાયેલની સેના અનુસાર હિઝબુલ્લા સાથે જોડાયેલા સેન્ટ્રલ અંડરગ્રાઉન્ડ કમાન્ડ સેન્ટર પર થયેલા હુમલામાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા છે.

.................

## *INDIA NEWZLILAND CRICKET*

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બેંગ્લુરુમાં રમાઈ રહેલી પ્રથમ  ટેસ્ટ મેચના ત્રીજા દિવસે દિવસના અંત સુધીમાં ભારતે 3 વિકેટ ગુમાવી 231 રન  બનાવી લીધા હતા. ત્રીજા દિવસની રમત પુરી થતા સમયે સરફરાઝખાન 70 રને  અણનમ  રહ્યો હતો જયારે વિરાટ કોહલી દિવસના અંતિમ બોલે આઉટ થતાં  મેચ રોમાંચક મોડ પર પહોંચી છે. આ ટેસ્ટમાં ભારત હજુ પણ ન્યૂઝીલેન્ડના પ્રથમ દાવથી 125 રન  પાછળ છે. ન્યુઝીલેન્ડ તરફથી એજાઝ પટેલે બે અને ગ્લેન ફિલિપ્સે એક વિકેટ લીધી હતી.

દિવસની શરૂઆતમાં, મહેમાન ટીમે  તેમની પ્રથમ ઇનિંગમાં 402 રનનો વિશાળ કુલ સ્કોર બનાવ્યો હતો. ભારત હાલમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સ્ટેન્ડિંગમાં ટોચ પર છે, જ્યારે ન્યુઝીલેન્ડ છઠ્ઠા સ્થાને છે.

..................

## *WOMEN'S CRICKET*

ન્યૂઝીલેન્ડ મહિલા ટ્વેન્ટી-20 ક્રિકેટ વિશ્વ કપની ફાઇનલમાં પહોંચી ગયું છે. સંયુક્ત આરબ અમીરાતના શારજાહમાં ગઈકાલે રાત્રે સેમીફાઈનલમાં ન્યુઝીલેન્ડે વેસ્ટ ઈન્ડિઝને પરાજય આપ્યો હતો.  પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે નવ વિકેટે 128 રન બનાવ્યા હતા. જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ આઠ વિકેટે 120 રન જ બનાવી શકી હતી.

આવતીકાલે ફાઈનલમાં ન્યુઝીલેન્ડનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે.

..................

## *INDIA - SAUDI ARABIA*

ભારત અને સાઉદી અરેબિયાએ ગઈકાલે નવી દિલ્હીમાં રાજકીય, સુરક્ષા, સામાજિક અને સાંસ્કૃતિક વ્યૂહાત્મક ભાગીદારી પરિષદની કામગીરીની સમીક્ષા કરી હતી. બેઠકમાં, ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ સચિવ વિક્રમ મિસરીએ અને

સાઉદી અરેબિયાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ રાજકીય બાબતોના નાયબમંત્રી ડૉ. સાઉદ અલ સતીએ કર્યું હતું. વિદેશ મંત્રાલએ જણાવ્યું કે બંને દેશો વચ્ચે પરસ્પર હિતના ક્ષેત્રીય અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ હતી.

.................

## *UP-ROAD ACCIDENT*

ઉત્તરપ્રદેશના સિદ્ધાર્થનગરમાં ગઈકાલે સાંજે એક સાઇકલ સવારને બચાવવાના પ્રયાસમાં  બસ નાળામાં પડી જતાં ત્રણ લોકોના મોત થયા હતા અને અન્ય 24 મુસાફરો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર બસમાં 53 લોકો હતા અને બસ બલરામપુરથી સિદ્ધાર્થનગર જઈ રહી હતી. પોલીસ અધિક્ષક પ્રાચી સિંહે જણાવ્યું કે સાઇકલ સવારને બચાવવાનો પ્રયાસ કરતી વખતે ડ્રાઇવરે બસ પરથી કાબુ ગુમાવી દીધો હતો. જોકે, બસ ચરગહવા પાસે નાળામાં પડી તે પહેલા સાયકલને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં એક કિશોર સહિત બે મુસાફરો અને એક સાયકલ સવારનું મોત થયું હતું.

.................

## *RUSSIAN PRESIDENT PUTIN*

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને  જણાવ્યું છે કે વિકસિત પશ્ચિમી દેશોની તુલનામાં ઝડપથી વૃદ્ધિ પામી રહેલ  BRICS જૂથ આગામી વર્ષોમાં મોટાભાગની વૈશ્વિક આર્થિક વૃદ્ધિ પેદા કરશે. ગઈકાલે મોસ્કોમાં બ્રિક્સ બિઝનેસ ફોરમમાં બોલતા રાષ્ટ્રપતિ પુતિને કહ્યું કે, તેમના સહયોગમાં રહેલા દેશો આવશ્યકપણે વૈશ્વિક આર્થિક વૃદ્ધિના પ્રેરક છે. તેમણે કહ્યું કે, નજીકના ભવિષ્યમાં, બ્રિક્સ વૈશ્વિક જીડીપીમાં મુખ્ય વધારો ઉત્પ્ન્ન  કરશે. યુક્રેન સંઘર્ષ પર રાષ્ટ્રપતિ પુતિને કહ્યું, રશિયા તેને શાંતિપૂર્ણ રીતે ઉકેલવામાં રસ ધરાવે છે. બ્રિક્સમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. તેમાં ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન અને સંયુક્ત આરબ

અમીરાતનો પણ સમાવેશ થાય છે. ક્રેમલિન નેતા આવતા અઠવાડિયે રશિયન શહેર કાઝાનમાં BRICS સમિટનું આયોજન કરવાના છે. પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી સમિટમાં ભાગ લેવા માટે મંગળવારે રશિયાની બે દિવસીય મુલાકાતે જશે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- આજે અખબારોના અલગ અલગ મુદ્દાઓ ઉપર મુખ્યસમાચાર જોવા મળી રહ્યાં છે. જેમાં પન્નુના હત્યાના મામલે રોના અધિકારી પર આરોપ, યુક્રેન સામે લડવા ઉત્તર કોરિયાની સેના રશિયા પહોંચી સહિતના સમાચાર અખબારોના પહેલા પેજ ઉપર પ્રકાશિત થયા છે.
- ગુજરાત સમાચારે પન્નુના હત્યાના કાવતરૂઃ રોના પૂર્વ અધિકારી ઉપર અમેરિકાએ સકંજો કસ્યોના હેડિંગ સાથે સમાચાર પ્રસિધ્ધ થયા છે.
- સંદેશે – યુક્રેન સામે લડવા કિમજોંગની સેના  રશિયા પહોંચી એ શિર્ષક હેઠળ સમાચાર પ્રકાશિત કર્યા છે
- બાળ લગ્ન રોકનાના હાલના કાયદાઓ ખામીયુક્ત , આ પ્રથા બાળકોની આઝાદી છીનવે છે  સુપ્રીમ કોર્ટના મથાળા હેઠળ દિવ્ય ભાસ્કરે આ સમાચારને મુખ્ય સમાચાર બનાવ્યા છે.
- આ જ સમાચાર ફૂલછાબ દૈનિક બાળ વિવાહ કાયદાને પર્સનલ લોથી રોકી ન શકાય સુપ્રીમ કોર્ટ એવા હેડિંગ સાથએ છાપ્યા છે.
- અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસે પણ પન્નુના હત્યાના કવાતરા કેસમાં અમેરિકાએ રોના પૂર્વ અધિકારી વિકાસ યાદવની સંડોવણીના આરોપના અઠવાડિયામાં  જ દિલ્હી પોલીસે વિકાસ યાદવની સ્થાનિક પાસેથી ખંડણી માંગવાનાકેસમાં ધરપકડ કરી હોવાના સમાચાર મુખ્ય બનાવ્યા છે.. જ્યારે ટાઇમ્સ

ઓફ ઇન્ડિયાએ પણ પન્નુના હત્યાના કાવતરાંમાં રો ના પૂર્વ અધિકારીની સંડોવણીનો અમેરિકાનો આરોપ એ જ સમાચાર પહેલા પેજ ઉપર છે.

- આ સમાચારની સાથેસાથે ટ્રમ્પે યુધ્ધ મામલે ઝેલેન્સ્કિને જવાબદાર ઠેરવ્યા, સલમાન ખાનને મળેલી ફરી ધમકીના સમાચાર પણ પ્રથમ પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- સ્પોર્સ્ટ પેજ ઉપર ભારત અને ન્યુઝિલેન્ડની મેચના સમાચાર પણ તસવીર સાથે પ્રકાશિત થયા છે.
- જ્યારે સ્થાનિક સમાચારની વાત કરીએ તો તમામ અખબારોએ હેલ્મેટના કાયદાના કડક અમલ માટે ગુજરાત હાઇકોર્ટે કરેલી તાકીદ અને પોલીસ અધિકારીઓને પણ ફરજ દરમિયાન દ્રીચક્રી વાહનની સવારી દરમિયાન હેલ્મેટ પહેરવા ફરજીયાત કરવા હાઇકોર્ટની ટકોરના સમાચાર પણ છાપ્યાં છે..

-------------